-:જિલ્લા નાયબ નિયામક (વિ.જા.) અમદાવાદ:-
ઓ-૯, ન્યુ મેન્ટલ હોસ્પીટલ કેમ્પસ, મેઘાણીનગર, અમદાવાદ
ફોન નં. -૨૨૬૮૩૦૯૬, E-mail- dydir_dcw@yahoo.in

નં.જિનાનિ/વિજાક/શિક્ષણ/૨૦૧૮-૧૯/૧૮૨૩-૨૪ તા.૦૯/૦૪/૨૦૧૮

વિષય:- વર્ષ ૨૦૧૭-૧૮ ની વિકસતી જાતિના વિદ્યાર્થીઓની પ્રિ-મેટ્રીક/પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ મંજુર કરવા બાબત

સંદર્ભ:- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુ.રા., ગાંધીનગરનાં પત્રનં. વિજાક/શિક્ષણ/૨૦૧૮-૧૯/૧૪૧૩-૧૪૪૪, તા.૦૫/૦૪/૨૦૧૮

ઉપરોક્ત વિષય અન્વયેના સંદર્ભ દર્શિત (૧) સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ, ગાંધીનગર હેઠળના વિકસતી જાતિ કલ્યાણ ખાતા હેઠળની પ્રિ-મેટ્રીક/પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓની કામગીરી વર્ષ ૨૦૧૭-૧૮ થી Digital Gujarat Portal પર કરાવવામાં આવેલ છે.

ઉક્ત બાબતે જણાવવાનું કે, વર્ષ ૨૦૧૭-૧૮ પુર્ણ થઈ ગયેલ હોવા છતાં અમુક શાળાઓ/કોલેજ/સંસ્થા કક્ષાએ પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ/ગણવેશ/પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિના વિદ્યાર્થીઓની પ્રપોઝલ/અરજીઓ પેન્ડીંગ પડી રહેલ હોય તેવું ધ્યાને આવેલ છે. જે પુર્ણ કરવા તા.૨૦/૦૪/૨૦૧૮ સુધી શાળા/કોલેજ/સંસ્થાઓના લોગીન પણ ફરીથી શરૂ કરવામાં આવેલ છે. તા.૨૦/૦૪/૨૦૧૮ સુધીમાં ઓનલાઈન બાકી રહેતી દરખાસ્તો બનાવવામાં કોઈ મુશ્કેલી જણાય તો અત્રેની કચેરીએ સંપર્ક કરી Query તાત્કાલીક Solve કરાવી લેવા વિનંતી છે. ટુંક સમયમાં પોર્ટલ પર વર્ષ ૨૦૧૮-૧૯ નાં શૈક્ષણિક વર્ષની શિષ્યવૃત્તિની કામગીરી શરૂ થનાર હોય વર્ષ-૨૦૧૭-૧૮ ના કોઈ વિદ્યાર્થી સ્કોલરશીપ વંચિત ન રહી જાય તે મુજબ તા.૨૦/૦૪/૨૦૧૮ સુધીમાં પુર્ણ કરવાની રહેશે. તા.૨૦/૦૪/૨૦૧૮ બાદ પોર્ટલ ઓપન કરવા નહિ આવે.

જેથી શાળા/કોલેજ/સંસ્થાની તેમના લોગીનમાં બાકી રહેતી દરખાસ્ત તા.૨૦/૦૪/૨૦૧૮ સુધીમાં પુર્ણ કરવી જો શાળા/કોલેજ/સંસ્થા લેવલે દરખાસ્ત પેન્ડિંગ રહેશે. તો જે તે શાળા/કોલેજ/સંસ્થાની જવાબદારી રહેશે જેની ખાસ નોંધ લેવા વિનંતી.

વધુમાં આગામી વર્ષ ૨૦૧૮-૧૯ માં વિદ્યાર્થીઓના બેન્ક ખાતા ડોરમેન્ટનાં થાય એટલે કે વિદ્યાર્થીઓના ખાતા સ્થગિત ન થાય તે માટે તમામ આચાર્યશ્રીઓને વિનંતી છે કે, વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપી બેન્કનો સંપર્ક કરાવી તમામ વિદ્યાર્થીઓના ખાતા સ્કોલરશીપ એકાઉન્ટમાં તબદીલ

કરાવવાની કામગીરી કરે જો તમામ વિદ્યાર્થીઓના શિષ્યવૃત્તિના ડિમાન્ડ ડ્રાફ્ટ આવવાની માત્રા બંધ થઈ જશે અને વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની રકમ સીધી તેઓનાં બેન્ક ખાતામાં જમા થઈ શકશે તેમજ જે વિદ્યાર્થીઓના ખાતા ખોલાવવાના બાકી હોય તે તમામ વિદ્યાર્થીઓના ખાતા શૈક્ષણિક વર્ષ શરૂ થાય તે પહેલા ખોલાવી લેવાની કાર્યવાહી કરવા ખાસ વિનંતી છે.

વધુમાં જણાવવાનું કે, શાળા/કોલેજ/સંસ્થાએ ઓનલાઈન એપ્રૂવ કરી દરખાસ્ત અત્રેની કચેરીને અગાઉના પરીપત્રની સુચના મુજબ દરખાસ્ત અત્રેની કચેરીએ મોકલી આપવા વિનંતી.

જિલ્લા નાયબ નિયામક
વિકસતી જાતિઓના કલ્યાણની કચેરી
અમદાવાદ જિલ્લો, અમદાવાદ

પ્રતિ,
પ્રિન્સીપાલશ્રી,.....................................................
જિ.અમદાવાદ, (તમામ શાળા, કોલેજ, સંસ્થા)

નકલ સવિનય રવાના :-

૧. માન. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુ.રા., ગાંધીનગર તરફ જાણ થવા સારૂ..
૨. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ શહેર આપની કક્ષાએથી તમામ શાળાઓને જાણ કરવા સારૂ
૩. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ ગ્રામ્ય આપની કક્ષાએથી તમામ શાળાઓને જાણ કરવા સારૂ
૪. શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
૫. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ જિલ્લા પંચાયત અમદાવાદ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

(૬) માન. રજીસ્ટ્રારશ્રી ગુજરાત યુનિવર્સિટી નવરંગપુરા આપના ધ્યાને જરૂર કાર્યવાહી કરવા વિનંતી સહ